# રોયલ માધ્યમિક & ગર્લ્સ સ્કૂલ ધોરાજી

Date : 20-10-2024
Marks : 80

Std :- 10 First Exam    Sub. : Gujarati    Time : 3:00 Hour

## Section - A (20)

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** (04)

| ઉક્તિ | પાત્ર |
|---|---|
| (1) 'સોરી પપ્પા, હું તમારા લોકોનું સપનું પૂરું ન કરી શક્યો' | (અ) દુકાનદાર |
| (2) 'ગરોળીથી ડરનાર હવે મગર સાથે પણ લડી શકે છે' | (બ) જીવલો |
| (3) 'તમે ગઈ સાલ છત્રી લેવા આવેલા ખરા ?' | (ક) સૌરભ |
| (4) 'ભીખલાને હીરો બૌ ભાવે' | (ડ) મનીષા |
| | (ઈ) અંકિત |

**(બ) નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** (04)

(5) નીના બહેન અને સંજય પોતાને ................. માનતા હતા. (જવાબદાર, નસીબદાર, સમજદાર)
(6) મનીષા પ્રકૃતિને .......... માને છે ? (હરિયાળી, નૈસર્ગિક, વરદાત્રી)
(7) પોતાની માંદગીને ............... આધ્યાત્મિક ભૂલ ગણતા. (ગાંધીજી, વિવેકાનંદ, લેખક)
(8) નર્મદા અને ડાંગનાં જંગલોના પ્રવાસ વિશે લેખકે ............ ને પત્ર લખ્યો. (દાદાજી, બાપુજી, લેખક)

**(ક) નીચે આપેલ પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** (02)

(9) 'મુટ્ઠી' ચણા કે ધાણી, ઝરણાંનું મીઠું પાણી ..' આ પંક્તિના કવિ કોણ છે ?
(10) દર વર્ષે જીવલો લેખકના ઘરે કઈ કઈ વસ્તુઓ આપવા જતો ?

**(ડ) નીચે આપેલ પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે બે)** (04)

(11) વિરાટ બાબુએ મનીષા અને નરેનની સગાઈની ના કેમ પાડી ?
(12) રવીન્દ્રનાથ ટાગોરના કાવ્યનું તાત્પર્ય જણાવો.
(13) ડાંગના આદિવાસીઓની મરણને ઊજવવાની રીત લેખકને કેવી લાગે છે ?

**(ઈ) નીચેના પ્રશ્નોના દસ-બાર વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો (ગમે તે બે)** (06)

(14) આરોગ્યની જાળવણી માટેના લેખકના વિચારો તમારા શબ્દમાં લખો.
(15) "આખરે તો શિક્ષણનું ધ્યેય બાળક ઉમદા માણસ બને તે છે." આ વિધાન વિગતે સમજાવો.
(16) જીવલાનું પાત્રાલેખન તમારા શબ્દમાં કરો.

## Section - B (20)

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** (04)

| કૃતિ | કર્તા |
|---|---|
| (17) શીલવંત સાધુને | (અ) વિનોદ જોશી |
| (18) હું એવો ગુજરાતી | (બ) કલાપી |
| (19) માધવને દીઠો છે કયાંય ? | (ક) અશોક ચાવડા |
| (20) શિકારીને | (ડ) હરીન્દ્ર દવે |
| | (ઈ) ગંગાસતી |

**(બ) નીચે આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** (04)

(21) સુખડ, ચંદન અને કુમકુમમાં કવિ .......... જુએ છે. (દિકરીને, દીકરીને, પત્નીને)
(22) મોહ માયા વ્યાપે નહિ તેને દઢ વૈરાગ્ય જેના ................. રે. (તનમાં, હૃદયમાં, મનમાં)
(23) રાતરાણી ........... થી ન્હાય છે. (ઝાકળ, સુગંધ, વિરહ)
(24) વ્યક્તિ પક્ષીને ............ થી પામવાનો વ્યર્થ પ્રયત્ન કરે છે. (પ્રેમ, સુંદરતા, તીર)

**(ક)** **નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** **(02)**

(25) નરસિંહ મહેતા કોને ધન્ય માને છે ?

(26) સંસ્કાર–સંવર્ધનની હારમાળામાં કઈ બાબતનો ઉલ્લેખ નથી ?

**(ડ)** **નીચે આપેલા પ્રશ્નોના ત્રણ–ચાર વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે બે)** **(04)**

(27) વાંસળીનો સૂર કદંબ તેમજ ધૂળ પાસે શા માટે જાય છે ?

(28) સૃષ્ટિનું સૌંદર્ય કવિને કયાં કયાં જોવા મળે છે ?

(29) શત્રુ અને મિત્ર સાથે શીલવંત સાધુ કેવો વ્યવહાર કરે છે ?

**(ઈ)** **નીચે આપેલા પ્રશ્નોમાં દસ–બાર વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો (ગમે તે બે)** **(06)**

(30) 'શીલવંત સાધુ' તમે કોને કહેશો તે કાવ્યના આધારે જણાવો.

(31) માધવને મેળવવા માટેની સૂરની તીવ્ર ઉત્કંઠા તમારા શબ્દોમાં લખો.

(32) 'શિકારીને' કાવ્યનો ભાવાર્થ સમજાવો.

## Section - C **(20)**

■ **માગ્યા પ્રમાણે ઉત્તર લખો.**

❍ **આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.**

**(33) નીચેના શબ્દોની સાચી જોડણી શોધીને લખો.** **(01)**

(1) શીખામણ (સીખામણ, શિખામણ, સિખામણ)

(2) કુંટૂંબ (કુટુંબ, કુંટુબ, કૂટુંબ)

**(34) 'સમ્ + અર્પણ' શબ્દની સાચી સંધિ જોડો.** **(01)**

(સર્મપણ, સમપર્ણ, સમર્પણ)

**(35) 'નિરાધાર' શબ્દનો સમાસ ઓળખાવો.** **(01)**

(દ્વિગુ, તત્પુરુષ , બહુવ્રીહિ)

**(36) બંને શબ્દના જોડણી ભેદે થતો અર્થભેદ જણાવો.** **(01)**

(1) કમર – (કેડ, કાંટો, ડોક)

(2) કમળ – (સિમેન્ટ, એક ફૂલ, નિશાન)

**(37) 'તમે ગળામાં માળાની જેમ મોટી દોરી રાખો' – અલંકારનો પ્રકાર જણાવો.** **(01)**

(રૂપક, ઉત્પ્રેક્ષા, ઉપમા)

**(38) 'પરીક્ષા' – શબ્દમાં કયો પ્રત્યય રહેલો છે.** **(01)**

(પૂર્વપ્રત્યય, પરપ્રત્યય,  એક પણ નહી)

**(39) નીચેનાં શબ્દોના સમાનાર્થી શબ્દ શોધીને લખો.** **(01)**

(1) ઘરોબો – (ઘરબાર, પડોશી, નિકટતા )

(2) સ્વસ્થ – (સુંદર, સુઘડ, તંદુરસ્ત)

**(40) 'શીરો' – સંજ્ઞાનો આપેલા વિકલ્પોમાંથી સાચો પ્રકાર લખો.** **(01)**

(જાતિવાચક સંજ્ઞા, દ્રવ્યવાચક સંજ્ઞા, ભાવવાચક સંજ્ઞા)

❍ **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો.**

**(41) નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપો.** **(01)**

કારગત નીવડવું

**(42) નીચે આપેલ કહેવતનો અર્થ જણાવો.** **(01)**

બાવાનાં બેય બગડવાં

**(43) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.** **(01)**

મનને હરી લે તેવું

**(44) નીચેના શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ લખો.** **(01)**
ઉપકાર

**(45) નીચેના વાક્યને કર્તરિ વાક્યમાં ફેરવો.** **(01)**
મારાથી તો ભૂતકાળને બાદ કરીને જીવાતું હતું.

**(46) નીચેના તળપદા શબ્દનું શિષ્ટરૂપ લખો.** **(01)**
ઢૂંઢે

**(47) નીચેના વાક્યમાંથી વિશેષણ શોધીને તેનો પ્રકાર લખો.** **(01)**
ત્રણ દિવસ આહવા રોકાયો.

**(48) નીચેના વાક્યમાંથી ક્રિયાવિશેષણ શોધીને તેનો પ્રકાર લખો.** **(01)**
ભીખલા, બપોર થૈ ગ્યા.

**(49) 'ગૌરીવ્રત' શબ્દના ધ્વનિ ઘટકો (સ્વર અને વ્યંજન) છૂટા પાડી લખો.** **(01)**

**(50) નીચેના વાક્યનું પ્રેરક વાક્યમાં રૂપાંતર કરો.** **(01)**
રીંછના હુમલામાંથી એક સુરતી કુટુંબ બચ્યું.

**(51) નીચની પંક્તિમાં રહેલો છંદ ઓળખાવો.** **(01)**
નહીં નાથ, નહીં નાથ, ન જાણો કે સવાર છે,
આ બધું ઘોર અંધારું, હજી તો બહુવાર છે.

**(52) 'યમનસભલગા' – કયા છંદનું બંધારણ છે.** **(01)**

## Section - D (20)

**(53) નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યમાં અર્થવિસ્તાર કરો.** **(04)**

કામધેનુને મળે ના એક સૂકું તણખલું;
ને લીલાછમ ખેતરો આખલા ચરી જાય છે.

**<u>અથવા</u>**

આવ નહીં, આદર નહીં, નહીં નયનોમાં નેહ;
તે ઘર કદી ન જઈએ, કંચન વરસે મેહ.

**(54) તમારા વિસ્તારમાં પૂરે વેરેલા વિનાશ વિશેનો અહેવાલ લખો.** **(04)**

**(55) નીચે આપેલ ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો.** **(04)**

"કુદરતમાં ફરતી વખતે માણસને કેવો આનંદ આવે છે એના ઉપરથી એનામાં સુખી થવાની ક્ષમતા કેટલી છે તે જાણી શકાય છે. માણસ મૂળભૂત રીતે એક પ્રાણી છે અને પ્રાણીઓનું સાચું સ્થાન કુદરતમાં છે. પાંજરામાં રહેલું પક્ષી સલામત જરૂર છે, પરંતુ એના જેવાં જ બીજા કુદરતનાં ઊડતાં, ગાતાં પક્ષીઓ જેવું એ સુખી નથી હોતું. જે વ્યક્તિ ઊગતાં કે આથમતાં સૂર્યનું સૌંદર્ય, ચાંદની રાતની શીતળતા, સૂમસામ રાતનું સંગીત, ઊંચા ઊંચા પર્વતોની ભવ્યતા, વહેતાં ઝરણાનો કલરવ, હવાનો મધુર સ્પર્શ કે ભીની માટીની સોડમ માણી શકે નહિ તે એટલાં પ્રમાણમાં સુખી થવાની ક્ષમતા ગુમાવી દે છે. સુખી સ્વભાવની વ્યક્તિ ધનવાન હોય કે નિર્ધન, કુદરતનાં સૌંદર્ય અને ભવ્યતાને જોઈને આનંદવિભોર થઈ જાય છે."

– મોહમ્મદ માંકડ

■ **ગમે તે એક વિષય પર આપેલા મુદાને આધારે આશરે 250 શબ્દોમાં નિબંધ લખો.** **(08)**

(56) **<u>ધરતીનો છેડો ઘર :</u>**
**મુદ્દા :**–પ્રસ્તાવના – ઘર એક આશ્રયસ્થાન–ઘર કોને કહેવાય ? – ધરતીનો છેડો ઘર એ ઊકિતનું રહસ્ય –ઉપસંહાર

**<u>અથવા</u>**

(56) **<u>પ્રદૂષણ સાર્વત્રિક સમસ્યા :–</u>**
**મુદ્દા :**– પ્રસ્તાવના – પ્રદૂષણના પ્રકાર અને તેના ભયસ્થાનો – ઔદ્યોગિક ક્રાંતિની અસરો – વસ્તી વિસ્ફોટની અસરો – પ્રદૂષણ મહાનગરોનો મહારોગ – પ્રદૂષણ ઘટાડવાના ઉપાય – ઉપસંહાર

**<u>અથવા</u>**

(56) **<u>મિત્રતાની મીઠાશ :</u>**
**મુદ્દા :**– પ્રસ્તાવના – મિત્રની મહત્તા – સાચા અને સારાં મિત્રોથી થતાં લાભ – આદર્શ મૈત્રીનાં પ્રાચીન ઉદાહરણ – સુખદુ:ખનો સાથી – ઉપસંહાર